# ACPC એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ટેકનીકલ)

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.


## ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ-૨૦૧૯

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ ની ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૯-૦૮-૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવે છે. સદર પ્રક્રિયા બાદ સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન રીપોર્ટીંગ તથા રાઉન્ડ-૧ અપગ્રેડેશન બાદ ખાલી રહેલી તમામ સ્વનિર્ભર બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. આવી ખાલી રહેલ બેઠકો માટે પ્રવેશ લેવા માંગતા ઉમેદવારોએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી જગ્યાઓ ઉપર નીચે મુજબના અગ્રતાક્રમ પ્રમાણે ઉમેદવારની પસંદગી કરી સંસ્થાઓએ સંસ્થા સ્તરે કાર્યરીતીને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ-૨૦૧૯ નો ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીનો મેરીટ ક્રમાંક ધરાવતા અને પ્રવેશથી વંચિત ઉમેદવારો. (૨) જુલાઈ-૨૦૧૯ બાદ માન્ય યુનિવર્સિટી દ્વારા પરીણામો મોડા જાહેર થવાના કારણે પ્રવેશ લાયકાત ધરાવતા ઉમેદવારો (૩) પ્રવેશપાત્રતા ધરાવતા કે જેઓએ લાયકી પરીક્ષા જુલાઈ-૨૦૧૮ પહેલા ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી B. Sc ની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો. ૧૨ (વિ.પ્ર.) ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૫) અન્ય રાજ્યમાંથી માન્ય સંસ્થાઓમાંથી લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ પ્રવેશપાત્રતા ધરાવતા ઉમેદવારો.

આવા ઉમેદવારોએ (૧) જે-તે સંસ્થાના નોટિસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) પોતાના મેરીટ માર્કસને ધ્યાને રાખી (૩) સ્વનિર્ભર સંસ્થાઓની ફીને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે, નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ, નિયત ફી રૂા. ૩૫૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી તે જ સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સ્વનિર્ભર સંસ્થા દ્વારા ખાલી રહેલ બેઠકો માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે નીચે મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ્ થતા ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ "Cancellation of Admission and Refund of Fee" પ્રમાણે થશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦-૦૮-૨૦૧૯ | **ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ તથા જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ** |
| ૨. | ૧૦-૦૮-૨૦૧૯ થી ૨૩-૦૮-૨૦૧૯ | **જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-)** |
| ૩. | ૨૩-૦૮-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૧૯ | **જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ તથા પ્રવેશ ફોર્મ ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા.** |
| ૪. | ૦૫-૦૯-૨૦૧૯ | **અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની રહેશે.** |

**નોંધ :-** શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૯/૬૮૬/સ તા. ૩૦-૦૭-૨૦૧૯ અન્વયે ડિપ્લોમા ટુ ડિગ્રી ઈજનેરી પ્રવેશમાં ખાલી રહેલ બેઠકો ભરવા માટે AICTE પ્રોસેસ હેન્ડ બુક-૨૦૧૯ માં જે તે ડિગ્રી અભ્યાસક્રમોમા ડિપ્લોમાની સમાન પ્રકારની સૌથી નજીકની જે બ્રાન્ચીસ છે તેનું મેપીંગ આપવામાં આવેલ છે. જે અન્વયે ખાલી રહેલ બેઠકો ઉપર AICTE પ્રોસેસ હેન્ડ બુક-૨૦૧૯ ના એનેક્ષર-૩ (૩.૦)- Closest Nomenclature of Undergraduate Degrees for the Diploma in Engineering and Technology માં દર્શાવેલ મેપીંગ મુજબ પ્રવેશ મેળવી શકશે. **પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.** વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in** વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૦૮-૦૮-૨૦૧૯** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**